**<u>ફોજદારી અપીલ નં.૯/૨૦૨૬</u>**

## આંક–૫ ની અરજી લગત હુકમ.

એપેલન્ટ તરફે વિદ્વાન લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ શ્રી આર.વી.ભાદરકાને સાંભળ્યા. અરજી તથા સાથેના દસ્તાવેજો વંચાણે લીધા. એપેલન્ટ હાલ અન્ય ગુનાના કામે જીલ્લા જેલ, જામનગરમાં છે. એપેલન્ટે વિ.ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ દંડની રકમ જમા કરાવેલ છે તથા વિ.ટ્રાયલ કોર્ટે સજા અંગેનો હુકમ તા.૨૧–૦૨–૨૦૨૬ સુધી સ્થગિત કરવાનો હુકમ કરેલ છે. અરજીની હકીકત ધ્યાને લેતાં એપેલેન્ટ તરફેની રજુઆત સબંધેની એ મહત્વની હકીકત છે કે અપીલ ચાલવામાં સમય જાય તેમ છે. એપેલન્ટને જે સજા કરવામાં આવેલ છે તે સજાની માત્રા અને પ્રકાર ધ્યાનમાં લેતાં અપીલ ચાલતા દરમ્યાન વિદ્વાન ટ્રાયલ કોર્ટના સજાના હુકમને મોકુફ રાખવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**<u>–: હુ ક મ :–</u>**

વિદ્વાન ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર ૧૩૭૨/૨૦૨૫ ના કામે તા.૨૨/૧/૨૦૨૬ ના રોજ ફરમાવેલ સજાનો હુકમ નીચેની શરતોને આધીન મોકુફ રાખવામાં આવે છે. એપેલેન્ટને અપીલ ચાલતા સમય દરમ્યાન જામીન ઉપર છોડવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) એપેલન્ટે રૂ.૨૫,૦૦૦/–( રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આ અદાલતમાં રજુ કરવા.

(૨) એપેલન્ટ તથા જામીનદારે પોતાના રહેણાક તથા ધંધાના સરનામા અને મોબાઈલ નંબર/કોન્ટેક નંબર લેખીત પુરશીશથી જાહેર કરવા

અને આ અદાલતની પરવાનગી વગર ફેરફાર કરવો નહી. જામીનદારે છ માસથી જુના ન હોય તેવા બે ફોટોગ્રાફસ જામીનખત આપતા સમયે રજુ કરવાના રહેશે.

(૩) એપેલન્ટએ આ અદાલતની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં અને પાસપોર્ટ ધરાવતા હોય તો આ અદાલતના નાઝર સમક્ષ દિન–૩ માં જમા કરાવવો અને પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે મતલબનુ સોગંદનામુ દિન–૩ માં આ અદાલત સમક્ષ કરવુ.

(૪) એપેલન્ટે હાલની અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અદાલતમાં જાતે તેમજ વિદ્વાન વકીલશ્રી સાથે અચુક હાજર થવાનું રહેશે.

(૫) એપેલન્ટ તરફથી અપીલની સુનાવણી દરમ્યાન કોઈ વિલંબ કરવામાં આવશે તો આ હુકમ રદ્દ કરી એપેલન્ટને જયુડી.કસ્ટડીમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) અપીલ ચાલતા દરમ્યાન એપેલેન્ટે કોઈપણ ગુન્હાહીત પ્રવૃતી કરવી નહી. વધુમાં જામીન મુકતીના હુકમનો કોઈપણ પ્રકારે દુરોપયોગ કરવો નહી.

આ હુકમની નકલ વિદ્વાન ટ્રાયલ કોર્ટને જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજરોજ તા.૭ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૦૭/૦૨/૨૦૨૬
સ્થળ:– ખંભાળીયા.
(ડી.એચ.ઠાકર)

(એસ.વી.વ્યાસ)
સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મું. ખંભાળીયા.
GJ00345

Sessions Judge, Khambhalia
Dt.07.02.2026